# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-08-2026 Day: Sunday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

આજના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે 'વિકસિત ભારત માટે નશામુક્ત યુવા' અભિયાન દેશભરમાં ઝડપથી ગતિ પકડી રહ્યું છે. આજે સવારે આકાશવાણી પર 'મન કી બાત' કાર્યક્રમમાં પોતાના વિચારો રજૂ કરતા, શ્રી મોદીએ ખુશી વ્યક્ત કરી કે માદક પદાર્થ મુક્ત યુવાનો અને માદક પદાર્થ મુક્ત ભારત માટેના ધ્યેય સાથેનું અભિયાન ફક્ત ઔપચારિકતા નથી કારણ કે તેમાં યુવાનો મોટી સંખ્યામાં જોડાઈ રહ્યા છે. તેમણે કહ્યું કે, આ ભારતના યુવાનોના સ્વાસ્થ્ય, ખુશી અને ઉજ્જવળ ભવિષ્ય માટેનો સામૂહિક સંકલ્પ છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે, ‘પીએમ સ્વનિધિ યોજના’ દ્વારા લાખો મહિલાઓ નવી શક્તિ મેળવી રહી છે. તેમણે ઉમેર્યું, ‘પીએમ સ્વનિધિ યોજના’ના લાભાર્થીઓમાં મહિલાઓનો હિસ્સો આશરે 46 ટકા છે.

શ્રી મોદીએ કહ્યું કે, આજે દેશની દીકરીઓના સપનાઓની ઉડાન પૃથ્વીથી બાહ્ય અવકાશ તરફ વધી રહી છે. તેમણે કહ્યું કે, ભારત વિશ્વભરમાંથી હજારો દીકરીઓને એકસાથે લાવી રહ્યું છે જે આવા સપનાઓને પોષી રહી છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે, આ પહેલનું નામ 'મિશન શક્તિસેટ' છે.

(BYTE : PM ON MISSION SHAKTI)

શ્રી મોદીએ કહ્યું કે, આ વખતે, આઠ કરોડથી વધુ 'તિરંગા સેલ્ફી' અપલોડ કરવામાં આવી હતી. તેમણે લોકોને આ તહેવારોની મોસમ દરમિયાન 'વોકલ ફોર લોકલ'

બનવા વિનંતી કરી. પ્રધાનમંત્રીએ કહ્યું કે, ભારતમાં બનેલા ઉત્પાદનો પર ગર્વ લેવાથી જ ભારત આત્મનિર્ભર બનવાનો માર્ગ મોકળો થશે.

---------------------------------------------------------------------------------------

## નર્મદા ડેમમાંથી પાણી છોડાશે

વરસાદની અછતનો સામનો કરી રહેલા કચ્છ અને સૌરાષ્ટ્રના ખેડૂતોની સિંચાઈના પાણીની માંગને ધ્યાનમાં રાખીને નર્મદા ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

રાજ્યના જળ પુરવઠા વિભાગના મંત્રી ઈશ્વરસિંહ પટેલે આ અંગે જાહેરાત કરતા કહ્યું કે, સરદાર સરોવર નર્મદા ડેમમાંથી આગામી એક-બે દિવસમાં છોડવામાં આવનાર આ પાણીનો ઉપયોગ ખેડૂતોને સિંચાઈ માટે તેમજ ગ્રામીણ વિસ્તારોમાં પીવાનું પાણી પૂરું પાડવા માટે કરવામાં આવશે.

આગામી દિવસોમાં નર્મદાનું પાણી કચ્છ અને સૌરાષ્ટ્રના અસરગ્રસ્ત વિસ્તારો સુધી પહોંચતા ખેડૂતોને પાક બચાવવામાં મોટી રાહત મળવાની શક્યતા છે.

---------------------------------------------------------------------------------------

## લોક રક્ષક દળ ભરતી

રાજ્ય સરકાર દ્વારા ઈમરજન્સી સેવાઓને વધુ સક્ષમ બનાવવા માટે શરૂ કરાયેલા '112 જનરક્ષક' પ્રોજેક્ટ હેઠળ સમગ્ર ગુજરાતમાં લોકરક્ષક કેડરની 3,000 નવી જગ્યાઓ પર સીધી ભરતી પ્રક્રિયા હાથ ધરશે.

પૂર્વ કચ્છમાં 99 જગ્યાઓ પર ભરતી થવાની છે જેમાં 33 એ.એસ.આઈ અને 66 કોન્સ્ટેબલનો સમાવેશ થાય છે.

જયારે પશ્ચિમ કચ્છમાં કુલ 78 જગ્યાઓમાં 26 એ.એસ.આઈ અને 52 કોન્સ્ટેબલની ભરતી થશે, જેનાથી સ્થાનિક સ્તરે યુવાનોને પોલીસદળમાં જોડાઈને સેવા આપવાની તક મળશે. પશ્ચિમ કચ્છ અંતર્ગત ગ્રામ્ય, બોર્ડર અને દરિયાકાંઠાના વિસ્તારોના પોલીસ સ્ટેશનો માટે નવી 112 વાન અને કંટ્રોલ સપોર્ટ માટે જગ્યાઓ ફાળવાશે.

---------------------------------------------------------------------------------

## સ્પીડ બ્રેકર – મુન્દ્રા

મુન્દ્રા-ભુજ હાઈવે પર આવેલા ચાઈના ગેટ અને જેરામસર તળાવ સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકર સર્કલ પાસે સ્પીડબ્રેકર બનાવવામાં આવ્યા છે. આ વિસ્તારમાં ટ્રાફિકના કારણે અવારનવાર નાના-મોટા ગંભીર અકસ્માતો સર્જાતા હતા. આ પગલાથી વાહનચાલકો અને રાહદારીઓને અકસ્માતોથી રાહત મળશે.

---------------------------------------------------------------------------------

## સંસ્કૃત સપ્તાહની ઉજવણી

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટીના સંસ્કૃત વિભાગ અને ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ, ગાંધીનગરના સંયુક્ત ઉપક્રમે ભુજમાં સંસ્કૃત સપ્તાહનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્કૃત ભાષાના પ્રાચીન વૈભવ અને તેમાં સમાવિષ્ટ વૈજ્ઞાનિક જ્ઞાનને નવી પેઢી સુધી પહોંચાડવા આ કાર્યક્રમનું આયોજન થયું હતું.

આ આયોજનનું મુખ્ય આકર્ષણ ‘સંસ્કૃતે વિજ્ઞાનમ્’ પ્રદર્શની રહી હતી. જેમાં પ્રાચીન ભારતના વિમાનશાસ્ત્ર, ધાતુવિદ્યા, કૃષિવિદ્યા, પર્યાવરણ વિજ્ઞાન, રસાયણશાસ્ત્ર અને ભૌતિકવિજ્ઞાન જેવા વિષયો સાથે સંકળાયેલા ગ્રંથો, ચાર્ટ્સ અને ગ્રાફિક્સ રજૂ કરાયા હતા. સાથે જ દુર્લભ હસ્તપ્રતો, વેદ, ઉપનિષદો અને ભગવદ્ગીતાના સાહિત્યિક વારસાનું પણ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શની વિદ્યાર્થીઓ અને

મુલાકાતીઓ માટે પ્રાચીન જ્ઞાનને આધુનિક દૃષ્ટિકોણથી સમજવાનો અવસર બની હતી.

----------------------------------------------------------------------------------------

## ક્રિકેટ

ભારતીય મહિલા ટીમ આજે એશિયા કપ T20 ક્રિકેટ મેચમાં થાઇલેન્ડ સામે રમશે. દુબઈમાં આ મેચ ભારતીય સમય મુજબ રાત્રે 8:30 વાગ્યે શરૂ થશે.

ભારત કેપ્ટન હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં ટુર્નામેન્ટમાં પોતાના અભિયાનની શરૂઆત કરશે. સ્મૃતિ મંધાના ઉપ-કેપ્ટન હશે. આ ટુર્નામેન્ટમાં આઠ ટીમો છે. ભારત ગ્રુપ A માં થાઇલેન્ડ, હોંગકોંગ અને પાકિસ્તાન સાથે છે.

----------------------------------------------------------------------------------------